ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૩/૬/ ૨૪૦૩-૨૪૫૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોકનં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા:૦૮/૦૩/૨૦૧૩

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ.(તમામ)
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા (તમામ)

વિષયઃ- પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વય મર્યાદા
સંદર્ભઃ- શિ.વિ.ના પત્રક્રમાંકઃપીઆરઇ/૧૨૨૦૧૩/૭૯૫૧૯/ક તા.૧/૩/૨૦૧૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારના નિયમ ૨૦૧૨ માં પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં પ્રવેશ આપવા બાબતે નિયમ ૩ (૧) માં જોગવાઈ થયેલ છે.

ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ ૨૦૧૨ના ૩ (૧) ના નિયમ મુજબ જુન ૨૦૧૩ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી પ્રવેશ આપવાનો રહેશે. નિયમમાં જણાવ્યા મુજબ ૧ લી જુન ૨૦૧૩ના રોજ જે બાળકે ૫ (પાંચ) વર્ષ પૂરા કર્યા હોય તેને જ પ્રવેશ આપવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે જુન-૨૦૧૩થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પાત્ર બાળકોનો સર્વે ૩૦ મી એપ્રિલ સુધી પૂર્ણ કરવાનો રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:
1. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-17, ગાંધીનગર તરફ જાણ સારૂ.